શામળ કૃત છપ્પા.

પેટ ભરવા વિષય.-૧

પેટ કરાવે વેઠ, પેટ વાજાં વજડાવે;
પેટ ઉપાડે ભાર, પેટ ગુણ સૌના ગાવે;
પેટ ભમે પરદેશ, પેટથી પાપ કરેછે;
પેટ કરેછે જાર, પેટતો સત્ય હરેછે;
વળિ સંચ પ્રપંચ આધિક કરે, પેટ કાજ નરકે પડે;
શામળ કહે સાચું માનજે, પેટ પાપ નરને નડે. ૧
વિપ્ર પેટને કાજ, શાસ્ત્ર વાંચે ને શીખે;
વિચરી વળી વિદેશ, ભણેલા થઇને ભીખે,
વણિક પેટને કાજ, ચાહિને વહાણ ચઢેછે;
મજુર ઉપાડે ભાર, ઘણા જન ઘાટ ઘડેછે;
વળી કરેછે કાશદ કાશદુ, શિર કપાવિ તશ્કર મરે;
કહે શામળ પેટને કારણે, કુલાચાર સૌ કરે. ૨
પેટ ચડાવે વાંશ, પેટથી નરતક નાચે;
પેટ કાજ ગુણ ગાય, ઊંચ નીચાને જાચે;
પેટ કરે છળ કપટ, પેટ રણમા રખડાવે;
પેટ કરે વિખવાદ, પેટ તો શીશ કટાવે;
ચોરી ચાડી ને ચાકરી, અધર્મ સૌ આખેટના;
શામળ કહે સાચું માનજે, પ્રપંચ પાપી પેટના. ૩
કિયા ઘડકણ ને ધીર, કિયા ગુણ હિણ ને જ્ઞાતા.;
કિયા કૃપણ ને કર્ણ, કિયા દંભી ને દાતા;
કિયા રંક ને રાય, કિયા અકરમી ઇંદર;
કિયા પાપી પુન્યવંત, કિયા ચખહિણ ને ચંદર!
વળિ અણપંડિત પંડિત કિયા, એસિ પારકે બારણે;
શામળ કહે માન ગમાવિયાં કુડા પેટને કારણે. ૪
કિયા દરિદ્રિ દિવાન, કિયા કુરૂપ રૂપાળા;
કિયા જુધિષ્ટિર જોર, કિયા ભિક્ષુક ભૂપાળા;
જોગિયા બુદ્ધિ બળવંત, કિયા ગદ્ધા ને ઘોડા;
... ઘસત સપુત, રામ લક્ષમણના જોડા;
પરણ્યા ને સતિ કિયાં, જાઊં જેને વારણે;

શામળ કહે માન ગમાવિયાં, કુડા પેટને કારણે. ૫
કિયા નીચ ને ઊંચ, કિયા રોગી ને સાજા;
કિયા આબળ ને સબળ, કિયા દુર્બલ ને તાજા;
કિયા અજાણ ને જાણ, કિયા પથ્થર ને હીરા;
કિયા અજા ગજરાજ, કિયા વેરી ને વીરા
જુઠા બોલા સાચા કિયા, નીચ બુદ્ધિ કરે નેટને;
શામળ કહે માન ગમાવિયાં, પ્રપંચ પાપી પેટને. ૬
કઇ લછ ને અલછ, કઇ રંજિત ને રંગા;
કઇ રૂપહિણ રતન, કઇ ગંદી ને ગંગા;
કઇ મૃગનેણી નાર, કઇ વળિ આંખે કાણી;
કઇ દાસી દેખિયે, રીઝવાલી કઇ રાણી;
જે લપોડશંખ લેખા વિના, દક્ષણાંવંત વળી કહ્યા;
શામળ કહે કવિ કોવીદ પણ, પેટતણે વશ સૌ રહ્યા. ૭
પેટ કરાવે પાપ, પેટ પરદેશે કાઢે;
પેટજ કરે પ્રપંચ, ચલાવે મારગ આડે;
પેટ કરે પાખંડ, પેટ વણ વાંકે દંડે;
પેટે સંકટ થાય. પેટ મેહેનતમાં મંડે;
સતિ નારી ને ગુણકા કરે, શા અવગુણ કહું શેઠના:
શામળ કહે સૌ જાણજો, પ્રપંચ પાપી પેટના. ૮
જગત અન્ન આધાર, અન્ન દેવત એ મોટું;
અન્ન વણ ન રહે જીવ. અન્ન વણ સરવે ખોટું;
દેવ દનુજ નર નાર, જિવે છે અન્નને જોરે;
અન્ન વિનાનું સર્વ, આતી અંધારૂં ઘોરે;
પાલણ પોષણ પૃથ્વી વિષે, કરતારે કૃત કૂરણા;
શામળ કહેછે સેવો સૌ, આદ્યશક્તિ અન્નપૂરણા ૯
સિતારામ તે એજ, એજ શ્રીરાધા કૃષ્ણ;
એ ઉમયા ને ઇશ, પંડિતે કીધું પ્રષ્ણ;
એ રોહણિ ને ચંદ્ર, એજ બ્રહ્મા સાવિત્રી;
મંત્ર જંત્ર ને તંત્ર, એજ ગુણ નિધિ ગાયત્રી;
અન્નપૂર્ણા સૌની દૃષ્ટછે, બુદ્ધિવંત જન બુઝ
શામળ કહે અન્ન આધારથી, સર્વ ડહાપણ સૂજશે
અન્નપૂર્ણા નહિ માત, જગત જીવાડણ જા

અન્ન વિના સૌ **શુન્ય,** અન્ન **વિણ** જિવે ન પ્રાણી;
અન્ન વિના સુખ **અલ્પ,** અન્ન વિણ **ચરણ** ન ચાલે;
અન્ન વણ ભાવે ન **ભક્તિ,** અન્ન વણ મોજ ન **માલે;**
ઇશ્વિર વહાલો નહિ અન્ન વણ, **ગાન તાંન** ગુણ **નવગમે;**
શામળ **સેવો** અન્નપૂરણા, **સકલ** દુઃખ એથી **સમે.** ૧૧-૬૬

જર વિષય.-૨

જરને વશ છે **જગત, રાય** પણ જરથી **રીઝે;**
જુવતી જર વશ હોય, લાભ પણ જરથી **લીજે;**
જર **સજ્જન સનમાન,** જરે **જશવંત** કહાવે;
જરથી પામે **નોખઃ**સતી **શુભ** કુળની આવે;
જરનુંજ જગતમાં જોર છે, **દુરિજન** જરે નમે **સહુ;**
શામળ કહેછે જર જોરથી, બાપો એમ કહે બહુ. ૧
જર **માતા ને તાત,** જાત તે જરથી જાણો;
ડહાપણ પણ છે **દામ,** દામ રાજા ને **રાણો;**
સગાં **સહોદર** સર્વે, **દ્રવ્ય વણને** વેપારી
રંગ ને રૂપ **અનુપ,** દ્રવ્ય તે **ધીરજધારી;**
સૌ જગત વસ્યું છે જરથકી, ગરથમાંહિ ગુણ બહુ ગણ્યું;
શામળ કહે **સ્વર્ગે સંચરે,** જોર હોય જો જરતણું. ૨
વિપ્ર ભણે છે **વેદ,** જઈ જરને તે **જાચે;**
સાધક ને વળિ **સિદ્ધ, રૂદ્ર** જરથી તે **રાચે;**
શૂરા બાંધે **શસ્ત્ર,** જરથકી તે કર જોડે;
અનમી ને અહંકારી, હાથ જર આગળ **ઓડે;**
ગામી નામી ને મહિપતી, જરને વશ **વરતી** રહે;
સામળ કહેછે **સંસાર** સૌ, **દમડાને** ડાહયો કહે. ૩
જરથી પામે **નોખ,** જરે **ઇંદ્રાસન આણે;**
જરથી જગ જીતાય, જરથકી **મોટમ માણે;**
જરથી લાખ કરોડ, **હોડ** હઠીલા હારે;
જરથી રાજ્ય **થપાય,** જરે ઝાઝાને મારે;
એમ જગત **વશ્યછે** જરતણે **ચિંતવે** તેવા ગુણ ગણે;
જગદીશ ઇશ વશ જરતણે, શામળભટ સાચું ભણે. ૪
જો જેહ ઘર **ગરથ, રૂપ** તેને ઘેર રહેછે;
... ઘર ગરથ, **કુલિન** પણ તેને કહેછે;
પરથ, રહે વશ તેને રાજા;
...**જશ** બોલે જન ઝાઝા;

જર તો છે ઈશ્વરથી અધિક, બુધિ **નિધાન પ્રાક્રમ** બહુ;
શામળ **શેવક શ્રીમંતના, શત પ્રકાર શોભિત** સહુ. ૫
જર વીના જે જોખ, **શોખ** તે તો નહી સાચો;
જર વીણ તનમાં પ્રાણ, કહું **કરતુત** કાચો;
જર વીના જે રૂપ, **દેહ** કુરૂપી **કુડો;**
જર વીણ **મંદિર માળ, ભરમ** રાખે તે ભુંડો;
જર વીણ ડાહપણ છે જેટલું, તે ઘેલાપણ જાણવું;
શામળ કહે સઘળી ચીજ તે, જગમાં જર **પરમાણવું,** ૬
જરથી શોભે સર્વ, **વેદના** જરથી **વામે;**
જરથી જીતે ન્યાય, જરે **મનવાંછિત** પામે;
જરથી સગપણ સાથ, કરે જરથી સૌ કાજે;
જર **ઓડાવે** હાથ, જરથકી સરવે **લાજે;**
જર **તરણાંના મેરૂ** કરે, રાજ્ય અપાવે રંકને;
કવિ શામળ કહેછે જરથકી, **પામર** લુંટે **લંકને.** ૭
ગાંઠે જેને ગરથ, ભલી તે વિદ્યા ભણિયો;
ગાંઠે જેને ગરથ, રહે નહિ કોઇનો **રણિયો;**
ગાંઠે જેને ગરથ. તેજ પંડિત છે પૂરો;
ગાંઠેજેને ગરથ, તેજ છે **સામદ** શૂરો;
વળિ ગાંઠે જેને ગરથ છે, **પરાક્રમી પરમાણવો;**
શામળ કહે સંસારમાં, જર વિણ મુરખ જાણવો. ૮
જર છે સૌનો જીવ, જરે લે માહાસુખ **માણી;**
કરે **પરાણે** પ્રીત, રંક રાજા ને રાણી;
જર વશ **બાંધુ** જગત, જરે **જુવતી** વશ થાય;
જર આગળ કર જોડિ, રહે મોટા **રૂષિરાય;**
જર જંગલમાં **મંગળ** કરે, જુવતી સરવે **જોગવે;**
શામળ **કહે** ધનથી ધનપતી, ભારે સુખ તે ભોગવે. ૯
ડાહાપણ દમડામાંહિ, રહે દમડામાં **ચારી;**
દમડામાંહિ રૂપ, **ભેદ** દમડામાં ભારી;
જો **દમડામાં** જોર, રહે વશ થઇને રાજા;
દમડે ઊંચ અધિકાર, ગુણ દમડામાં ઝાઝા;
દમડો છે મોંઘો દેવથી, વણ દમડે સૌ **વામણા;**
શામળ કહે છે દમડાતણાં, **ભાત ભાત** લેઉ **ભા**…
જર દેખી **જશવંત** ગુણ ને જ્ઞાન **ગ**…

ધન દેખી ધનવંત, નીચને શીશ નમાવે;
સોનુ દેખિ શ્રીમંત, **કપટનું** કામ કરે છે;
ગરથ દેખિ ગુણવંત, હેતથી હાથ ધરે છે;
રાજાની કે શું રાંકની, **નિર્મળ** કુળની **નારિયો**;
શામળ કહે છે સત્ય જાણજો, જર દેખી કરે **જારિયો** ૧૧
શૂર કપાવે શીશ, **ચતુર** ચાકરી ચહાયે;
નાચે છે **નૃત્યવંત**. ગીત **ગુણિજન** થઈ ગાયે;
વિદ્યાવંત વિદેશ, **જાચવા** કારણ જાગે;
મજુર **વહે શીર** ભાર, **કષ્ટ** કાસદ **સહે કાયે**;
જે જે **ઉપાય અન્યાય** જે, બુદ્ધિ બગાડે **બારણે**;
શામળ કહે શાણા સમજજો, દ્રવ્ય કમાવા કારણે. ૧૨
જર **પાખી** જગમાહિ, મોજ એકે શી માણે;
જર પાખી જગમાંહિ, આપ અક્કલ શી આણે;
જર પાખી જગમાહિ, સ્વાદ એકે નવ **સુજે**;
જર પાખી જગમાહિ, **બડાઈ** કશી ન **બુજે**;
જર પાખી તો **જગ મારતા,** કરે બિચારા **બુધ** બહુ;
શામળ કહે છે જર જોરથી, શુભ વાતો સુજે સહુ. ૧૩
દમડા પાખી **દરિદ્ર** કુલિન તે **કિંકર** કહાવે;
રિદ્ધિ વિના તે રંક, **પ્રતિષ્ટા** માન ગમાવે;
વિદ્યા અને **વિવેક, દામ** આગળ સૌ **ડુલ્યા**;
જે જે કરવા જાય, ભરમથી સરવે **ભુલ્યાં**;
જે **શુરપુર** શાણા ઘણા, **વપુ વરાણાગી વાંકડા**;
શામળ કહે સૌ સંસારમાં, **રિદ્ધિ** વિનાનાં **રાંકડા.** ૧૪
જેને જરનું જોર, જુલમ ઝાઝો કરી **ઝુઝે**;
જેને જરનું જોર, બિજાને તે નવ **બુઝે**;
જેને જરનું જોર, **અહંપદ** અતિશે **આણે**;
જેને જરનું જોર, જગત**ઉજડ** તે **જાણે**;
વળિ જેને જરનું જોર છે, **છાકયો** રહે **અમલે અતી**;
શામળ કહેછે **સદબુદ્ધિ** વણ, રૂડું ન થાય તેથી**રતી.** ૧૫
...ને જોર, **બાહુબે** માંહિ **બિરાજે**;
પેર, ગરથ ગાડે તે **ગાજે**;
...ી જર પાસે જાય;

વ્યંત, ભૂત કે પ્રેત કદી ચેટક નચઢાય;
મન મદિરા શેરસવાતણી, કંઈ સદા આવી વસે;
શામળ કહે દુખિયો, દુખ કહે જરવાળો હુંડે હસે. ૧૬
નિરધન બોલે સત્ય કહે, જરવાળો જુઠી;
નિરધન ગાણું ગાય, જાય જરવાળો ઉઠી;
હા હા કહે સઉ લોક, વદે જરવાળો જુદું;
રિદ્ધિ ઉપર સઉ રાજિ, રિદ્ધિ પાખી સઉ રૂડું;
ચોદે વિદ્યાની ચાતુરી; ગરથ સાથ વાસો રહે;
વળિ કર્મ ધર્મ ને શર્મ સૌ, કવિ શામળ જરને કહે. ૧૭
દાટયું જેણે દ્રવ્ય, સવ સવ અવતરિયા સાપે;
દાટયું જેણે દ્રવ્ય, પિંડ નવ લીધો આપે;
દાટયું જેણે દ્રવ્ય, પાપમાં થયોજ ગરકે;
દાટયું જેણે દ્રવ્ય, નીચ તે પડિયો નરકે;
નવ ખાધું ખરચ્યું વાવર્યું, દાન દઈ જશ નવ લિયો;
શામળ શિર ભાર વહી મુઓ, દૈવે તેને દંડોયો. ૧૮
જેમ ઘાંચીનો બળદ રાત દીવસ તે ફરિયો;
જયમ ગધ્ધા ગુણહીણ ભાર અણલેખે ભરિયો,
પાડો જેમ પખાલ પુઠપર પરઠે પાણી,
વેઠે પકડ્યો વીર, તડફડીને તે તાણી;
જર રળ્યો રોજ થઈ રાંકડો, વેઠી દુઃખ વધારિયો,
શામળ નવ ખાધો ખરચીયો, જીતી બાજી હારીયો. ૧૯
જર જોતામાં જાય, જુઓ જર ખાતાં ખુટે;
જર જોતામાં જાય, ચોર કે હાકમ લુટે;
જર જોતામાં જાય, ઉડે જો આગ સજોરી,
જર જોતામાં જાય, ચડે ચાડી કે ચોરી,
જર જાવા બેસે જે સમે, રાખ્યું ઘડી રહે નહી;
શામળ કહે જાય સમૂળને, કહો મૂખ જેવું કહી. ૨૦
તેડે ત્યાં નવ જાય, ઘણી મેહેનતથી આગે;
જા કહેતાં નવ જાય, પ્રણીપત પાયે લાગે;
કોશર કિધે ન રહે વાવરતાં દહાડી;
કરે કોટિ ધિક્કાર, જાય નહિ હાંકી કાહાડી;
આશા રખેજ એની કરો, માનો

શામળ કહે છે લક્ષ્મી રહે, કબુલ હોય જો કર્મની. ૨૧
નાવે ડાહાપણ કીધ, ન આવે વિદ્યા ભણતાં;
નાવે કરતાં કપટ, ન આવે સદગુણ ગણતાં;
નાવે ગયે વિદેશ, ન આવે વેઠયે દુઃખે;
નાવે જણાવ્યે જોર, ન આવે **ભમતા** ભૂખે;
આવે ન પરાક્રમ **પૂરથી,** નાવે લોભ લુચ્ચા થકી;
શામળ કહે, લક્ષ્મી **લેહેર** તો, મળે **કર્મ સંચા** થકી. ૨૨
કઇક ઉપાડે ભાર, **ઉદર** પણ રહે અધુરૂં;
કઇક ચડે છે **વાંસ,** પેટ પણ થાય ન પુરૂં;
કઇક ભણી વિદ્યાય, ચતુર **આણવાણા ચરણે;**
કઇક કરે વેપાર, નહીં પણ **કુંડળ કરણે;**
અક્કલ અરથે નથિ આવતી, **ભોળાશો** નહિ ભર્મમાં;
શામળ કહે છે લક્ષ્મી મળે, કબુલ હોય કર્મમાં. ૨૩
વિદ્યા ન **મૂકાય હાટ,** વિદ્યા ઘરેણું ન ઘડાય;
વિદ્યા ન વસ્ત્ર વણાય, વિદ્યા ચુલે ન ચડાય;
વિદ્યા થાય ન **લોટ** વિદ્યાથી ભુખ ન ભાગે;
નહિ પેહેરાય ઓઢાય, કદી વિદ્યા નર **નાગે;**
વિદ્યાથી વપુ રહે નહીં, પિવાય નહિ તે પાણિએ.
વેઠે દરિદ્ર ડાહ્યો થઇ, જન તે મૂરખ જાણિયે. ૨૪-૧૧૦

કુસંગતિ વિષય—૩

કરે **નીચનો સંગ,** નીચની બુદ્ધિ આવે;
કરે નીચનો સંગ, **સકળ** સદગુણ ગમાવે;
કરે નીચનો સંગ, નીચની ભાષા **ભાખે;**
કરે નીચનો સંગ, નીચની **રીતી** રાખે.
વળિ નીચ કામ નીચાં કરે, નીચ કહેવાય ઊંચ જન;
શામળ કહે સંગત નીચની, કોઇ ન કરશો કોઈ દન. ૧
પંડિત પંડિત **પ્રીત,** મુરખને મુરખ વહાલા;
રૂડા રૂડી રીત, ચતુર ચતુરાઈ ત્યાં ચાલ્યા;
સૂમને વહાલો સુમ, વહાલા **દાતાને** દાતા;
વહાલો જાર, **ગુણીજનને** ગુણજ્ઞાતા;
નર, કાયરને કાયર ગમે;
ને. શામળ **રામ હૃદયમે.** ૨

મળે ઊંચને ઊંચ, મળે ભંગીને ભંગી:
મળે નીચને નીચ, મળે રાગીને રંગી;
મળે ભગતને ભગત, મળે પાપીને પાપી:
મળે જ્ઞાનિને જ્ઞાનિ, મળે જાપકને જાપી:
વળિ વ્યસનીને વ્યસની મળે, મળતે મળતા ગુણ મળે:
જ્યમ લવણ મળેછે તક્રમાં, શામળ પય શાકર ભળે. ૩—૨૨૮

મોત વિષય-૪

કોઇ કહે આવ્યો તાવ, કોઇ કહે થયું કોગળિયું;
કોઈ કરડ્યો નાગ, કોઈ કહે વાસી વળિયું;
કોઈ કહે વાધ્યો રોગ, કોઈ કહે શસ્ત્રજ વાગ્યું;
કોઇ કહે મારી મૂઠ, કોઈ કહે પાપજ લાગ્યું;
ઈશ્વર સાથે લેતો નથી. જગતમાંહિ મહિમા જુઓ;
શામળ કહેછે સૌ સાંભળો, મોત આવ્યું તેથી મુઓ. ૧
પેસે અરણવ નીર, તીર ગંગાને બેસે;
ચડે જૈ પર્વત મેર, કદી પાતાળે પેસે;
પર્વતમાંહિ પ્રવેશ, કરે આપે એકાંતે;
ઓખડ અમૃતાહાર, ભમેભૂલા બહુ ભાંતે;
કિંકર રાખે કંઇ કોટિધા, સંચ પ્રપંચ ઘણા કરે;
શામળ કહેછે સૌ સાંભળો મોત આવ્યે નિશ્ચે મરે. ૨
માત તાત ને મિત્ર, પુત્ર પરિવારજ પ્રોઢા;
અલખત અપરમપાર, ઘણા હસ્તી ને ઘોડા;
સેવક સાથે શૂર, પરીપૂરણ પરતાપે;
બળવંતા બહુ બહુ. છત્ર છાંયે છત છાપે;
અધિકાર અચુત લખ ઇંદ્રનો, કોડ વાર શું કહું કથી;
પણ મોત થકીમૂકાવવા, શામળ કોઈ સમરથ નથી. ૩
નાઠે ન મુકે ભૂખ, દુઃખ નાઠે નવ જાય,
નાઠે ન મુકે ભોગ, રોગ નાઠે પણ થાય,
નાઠે ન મુકે ભૂખ, દુઃખ નાઠે નવ છુટે,
નાઠે ન રહે લાજ, ચોરકે હાકમ લૂટે.
કદિ નાઠે મોત મુકે નહી, પ્રસવ્યો ત્યાંથી પાસ છે,
કવિ શામળ ભટ સાચું કહે, નામ સર્વેનો નાસ છે
જે જાયું તે જાય, જેહ ફુલ્યું તે